# રાષ્ટ્રીય સેવા યોજના

## "રાષ્ટ્રીય સેવા યોજના દિવસ" ની ઉજવણી

તાજેતરમાં ક્રાન્તીગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા, યુનિવર્સિટી ભુજ-કચ્છ ના યજમાન પદે રાજ્ય કક્ષાના રાષ્ટ્રીય સેવા યોજના દિવસનું આયોજન કરવામાં આવેલ. તારીખ ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યમાં આવેલ વિવિધ યુનિવર્સિટીના એન.એસ.એસ. સાથે જોડાયેલા ૫૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની વિવિધ કોલેજોમાંથી નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણની કચેરી દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી કરી તેઓને ક્રાન્તીગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા, યુનિવર્સિટી ભુજ-કચ્છ ખાતે મોકલવામાં આવ્યા હતા. કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચરનાઅને કોલેજ ઓફ એફ.પી.ટી. એન્ડ બી.ઇ.ના૧૨ વિદ્યાર્થીઓએ નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધા, એક પાત્રિય અભિનય, સ્લોગન રાઇટીંગ, રંગોળી સ્પર્ધા, પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન, પોસ્ટર પેન્ટીંગ, કાવ્ય પઠન, ફોટોગ્રાફી પ્રદર્શન, લઘુનાટિકા જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ. નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ ડૉ.એસ.એચ. અકબરી દ્વારા તમામ વિદ્યાર્થીઓને સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરેલ. શ્રી એન.એમ. વેગડ, પ્રોગ્રામ ઓફીસર, કોલેજ ઓફ એ.આઇ.ટી.,એ ટીમ મેનેજર તરીકે ફરજ બજાવેલ.








